**સુરત જિલ્લા માટેની પોલીસ સલાહકાર**
**સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક::પીએસી/૩૩૨૦૧૩/મંત્રી.૧૨૯/મ
સચિવાલય, ગાંધીનગર
તા. ૭/૨/૨૦૧૪.

**વંચાણે લીધા :**

(૧) ગૃહ વિભાગના તા.૩/૮/૧૯૯૦, તા.૨૯/૧૧/૧૯૯૦ તથા તા.૧૫/૧૨/૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક:પીએસી/૧૦૮૧/એમએચ/૪૦/મ

**ઠ રા વ :**

ઉપર આમુખ(૧)માં જણાવેલ ગૃહ વિભાગના ઠરાવોથી નકકી કરેલ બંધારણ અનુસાર નીચે દર્શાવ્યા મુજબના સરકારી/બિન સરકારી સભ્યોની સુરત જિલ્લા માટેની પોલીસ સલાહકાર સમિતિની આથી રચના કરવામાં આવે છે.

**સરકારી સભ્યો.**

| | | |
|---|---|---|
| (૧) | કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, | પ્રમુખ |
| (૨) | જિલ્લા પોલીસ અધિકારીશ્રી | ઉપ પ્રમુખ |
| (૩) | જિલ્લા ગ્રામ રક્ષક દળના મહીલા અધિકારી જો જિલ્લામાં રહેતા હોય તો નહિંતર જિલ્લામાં ગ્રામ રક્ષક દળની પ્રવૃત્તિ કરતા સરકાર નીમે તેવા મહિલા સભ્ય. | સભ્ય |
| (૪) | ગુજરાત રાજય વાહન વ્યવહાર કોર્પોરેશનના વિભાગીય નિયામક | સભ્ય |
| (૫) | જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી | સભ્ય |
| (૬) | નાયબ પોલીસ અધિકારી(મુખ્ય મથક) | સચિવ |

**બિન સરકારી સભ્યો:**

| ક્રમ | સભ્યનું નામ | સરનામું | પ્રતિનિધિ |
|---|---|---|---|
| ૧ | શ્રી ભુપેન્દ્રસિંહ છત્રસિંહ સોલંકી | મુ.પો. અણીતા, તા.ઓલપાડ, જિ. સુરત. | પત્રકારિત્વ |
| ૨ | શ્રી જીતેન્દ્રભાઈ ડાહયાભાઈ પટેલ | મુ.પો. બામણી, તા. બારડોલી, જિ. સુરત. | વાહનવ્યવહાર |
| ૩ | શ્રીમતી મંદાકિનીબેન મિતેષભાઈ ઉપાધ્યાય | મુ.પો.નાગર ફળિયું દેના બેંક સામે, માંડવી નગર જિ. સુરત. | સુધરાઈ |
| ૪ | શ્રી શૈલેન્દ્રસિંહ જે. આલુજા | મુ.પો. મોટી પારડી, તા. માંગરોળ, જિ. સુરત. | ગૃહ રક્ષકદળ |
| ૫ | શ્રી રમેશભાઈ હરખાભાઈ સિંગાળા | ૨૨, મારૂતિનગર, તાપી હોટલની પાછળ, કામરેજ ચાર રસ્તા, જિ. સુરત. | ગ્રામરક્ષક દળના સભ્ય |
| ૬ | શ્રીમતી રમીલાબેન પરેશભાઈ ચૌધરી | મુ.પો. મુદત, તા. મહુવા, જિ. સુરત. | મહિલા કાર્યકર |
| ૭ | શ્રીમતી રૂચિતાબેન પ્રકાશભાઈ ભટ્ટ | મુ.પો. તરસાડીનગર. | મહિલા સભ્ય |
| ૮ | શ્રી નિરંજનભાઈ માનાભાઈ મિસ્ત્રી | ગ્રીનરેલી ટેન રોડ, બારડોલીનગર. | ગ્રાહક સુરક્ષાના સભ્ય |
| ૯ | શ્રી સામસિંગભાઈ પોહનાભાઈ વસાવા | મુ.પો. કાલીજામણ, તા.ઉમરપાડા, જિ. સુરત. | નશાબંધી મંડળના સભ્ય |

૨. સંસદ સભ્યશ્રીઓ/ધારાસભ્યશ્રીઓ સિવાયના બિન સરકારી સભ્યો તેમનો હોદ્દો બે વર્ષ સુધી અથવા નવી સમિતિની પુનઃ રચના થાય, તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ધારણ કરશે. જયારે સંસદ સભ્યશ્રીઓ/ધારાસભ્યશ્રીઓ પોતાના હોદ્દાની મુદત સુધી બિન સરકારી સભ્ય તરીકે નિમણૂંક પામેલ ગણાશે.

૩. પોલીસ સલાહકાર સમિતિની બેઠકમાં હાજર રહેલ બિન સરકારી સભ્યો નાણા વિભાગની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર મળવાપાત્ર થતું દૈનિક ભથ્થું તેમજ મુસાફરી ભથ્થું મેળવી શકશે. આ ભથ્થા બિલો ઉપર પોલીસ અધીક્ષકશ્રી, સુરત નિયંત્રણ અધિકારી તરીકે પ્રતિ સહી કરશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન. કે. મકવાણા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

<u>નકલ રવાના :</u>

૧. માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. મંત્રીશ્રી (મહેસુલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૬. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરત.
૭. પોલીસ અધીક્ષકશ્રી, સુરત.
૮. ઉપર ઠરાવમાં ઉલ્લેખિત સર્વે સરકારી અધિકારી/બિન સરકારી સભ્યો(જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરત માફત)
૯. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
૧૦. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૧૧. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સુરત.
૧૨. સેકશન અધિકારીશ્રી, બ,૨,ફ,પ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૩. શાખા સિલેકટ ફાઈલ.
૧૪. નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઈલ.